# રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરસીંગ કેબિનેટ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય

ગાંધીનગર, તા. ૮
મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકે રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા અને કોરોના કોવિડ-૧૯ અસરગ્રસ્તોની સઘન સારવાર સુશ્રુષા માટે રાજ્યના ૨૬ જિલ્લાઓમાં ૩૧ જેટલી હોસ્પિટલોને ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આ હોસ્પિટલો એપીડેમિક એકટ ૧૮૯૭ અને ધી ગુજરાત એપીડેમિક કોવિડ-૧૯ રેગ્યુલેશન ૨૦૨૦ અંતર્ગત કાર્યરત કરવામાં આવી છે.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે રાજ્ય મત્રીમંડળના આ મહત્વપૂર્ણ નિર્ણયની વિગતો પ્રચાર માધ્યમોને આપી હતી.

- **રાજ્યના ૨૬ જિલ્લાઓમાં ૩૧ જેટલી ખાનગી હોસ્પિટલો ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે કાર્યરત કરાશે**
- **સમગ્ર રાજ્યમાં કોવિડ-૧૯ ના અસરગ્રસ્તોની સઘન સારવાર-સુશ્રુષા માટે કુલ ૯૪૬૪ બેડની ક્ષમતા સાથેની સારવાર સુવિધાથી સજ્જ હોસ્પિટલો**
- **કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં જિલ્લા કલેક્ટરોને તેમના જિલ્લાના કોઇ પણ તબીબ-પેરામેડીકલ સ્ટાફની સેવાઓ રોગ નિયંત્રણ માટે લેવાના સત્તાધિકારો અપાયા**
- **ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલોના રોજબરોજના સંચાલન-કામકાજ નિયંત્રણ અને દેખરેખ માટે મેનેજમેન્ટ કમિટીની રચના**

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્યમાં આવી ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલોના રોજબરોજના સંચાલન, કામકાજ અને નિયંત્રણ દેખરેખ માટે એક મેનેજમેન્ટ કમિટીની પણ રચના કરી દેવામાં આવી છે.

આવી ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ જાહેર થયેલી આ ખાનગી હોસ્પિટલોના આરોગ્ય, તબીબી, પેરામેડિકલ સ્ટાફને જવાબદારીઓ પણ સોંપી દેવાઈ છે તેમ શ્રી અશ્વિનીકુમારે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે, કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્ય સરકારે જિલ્લા કલેકટરોને તેમના જિલ્લામાં ઉપલબ્ધ કોઈ પણ ડૉકટર અને પેરામેડિકલ સ્ટાફની સેવાઓ આ રોગ નિયંત્રણ હેતુસર લેવા માટેના સત્તાધિકારો પણ આપ્યા છે.

રાજ્યમાં હાલની સ્થિતીએ અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરતમાં કુલ ૨૨૦૦ બેડની ડેડીકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ કાર્યરત છે. અન્ય ૨૮ જિલ્લામાં કુલ ૩૨૦૦ બેડની ક્ષમતા અને વેન્ટીલેટર તથા ICU ફેસેલીટીઝ સાથેની હોસ્પિટલો ખૂબ જ નજીકના ભવિષ્યમાં શરૂ થવામાં છે તેની ભૂમિકા શ્રી અશ્વિનીકુમારે આપી હતી.




આમ, સમગ્ર ગુજરાતમાં કોવિડ-૧૯ કોરોના વાયરસના સંક્રમિત અસરગ્રસ્તોની તાત્કાલિક સારવાર માટે કુલ ૯૪૬૪ બેડની ક્ષમતાવાળી હોસ્પિટલો સાથે ગુજરાત આ મહામારીના પડકારને પહોચી વળવા સજ્જ થયું છે તેવો વિશ્વાસ શ્રી અશ્વિનીકુમારે વ્યકત કર્યો હતો.

જે ૨૬ જિલ્લાઓમાં ૩૧ ખાનગી હોસ્પિટલોને ડેઝિગ્નેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે કાર્યરત કરવામાં આવી છે તેની યાદી પ્રમાણે અરવ્વલી-શ્રી કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડલ (શ્રીમંત ફતેસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ વાત્રક (૩૧૨ બેડ), સાબરકાંઠા- મેડીસ્ટાર હોસ્પિટલ હિંમતનગર (૧૦૦ બેડ), બનાસકાંઠા-ગાંધી લિંકન હોસ્પિટલ ડીસા (૧૦૦ બેડ), પાટણ-પાટણ જનતા હોસ્પિટલ (૨૨૫ બેડ), મહેસાણા-સાંઈ ક્રિષ્ણા હોસ્પિટલ (૩૦૦ બેડ), આણંદ-ઝાયડસ હોસ્પિટલ (૧૧૦ બેડ), ખેડા-ડૉ. એન. ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ નડિયાદ (૩૩૩ બેડ), મહિસાગર-કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર (૧૦૦ બેડ), પંચમહાલ-શ્રી નારાયણ આઈ હોસ્પિટલ તાજપુરા-હાલોલ (૧૦૦ બેડ), દાહોદ-સમીર ઓર્થોપેડીક હોસ્પિટલ એન્ડ ટ્રોમા સેન્ટર (૧૦૦ બેડ), છોટાઉદેપુર-મેડિટોપ લાઈફકેર હોસ્પિટલ (૧૦૦ બેડ) અને ધોકાલિયા પબ્લિક હોસ્પિટલ બોડેલી (૧૦૦ બેડ), નર્મદા-આર્યુવેદિક હોસ્પિટલ રાજપીપળા (૧૦૦ બેડ), ભરૂચ-જયાબેન મોદી હોસ્પિટલ અંકલેશ્વર (૧૦૦ બેડ) અને તાપી-કાલીદાસ હોસ્પિટલ (વ્યારા-૧૦૦ બેડ), નવસારી-યાસ્ફીન કાર્ડિયાક હોસ્પિટલ (૧૧૦ બેડ) અને ઉદીત હોસ્પિટલ એન્ડ આઈસીયુ (વાંસદા (૧૦૦ બેડ), વલસાડ-શ્રેયસ મેડિકેર હોસ્પિટલ વાપી (૧૦૦ બેડ), અમરેલી-નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ હોસ્પિટલ(૧૫૦ બેડ), બોટાદ-વ્હાઈટ હાઉસ, શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુર (૧૦૦ બેડ), જામનગર-આર્મી હોસ્પિટલ (૧૦૦ બેડ), દેવભૂમિ દ્વારકા-સાકેત હોસ્પિટલ જામખંભાળિયા (૧૦૦ બેડ), ગીરસોમનાથ-આદિત્યા બિરલા હોસ્પિટલ વેરાવલ (૧૦૦ બેડ), અને અંબુજા હોસ્પિટલ કોડીનાર (૧૦૦ બેડ), જુનાગઢ-કલ્પ હોસ્પિટલ (૨૦૦ બેડ), પોરબંદર-શ્રી મોરારજી ખેરાજ ઠકરાર હોસ્પિટલ (૧૨૦ બેડ), મોરબી-ક્રિષ્ણા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ (૧૦૨ બેડ), કચ્છ-સ્ટેલહ્લગ રામક્રિષ્ણા સ્પેશ્યાલીટી હોસ્પિટલ ગાંધીધામ (૧૦૨ બેડ), હરિઓમ હોસ્પિટલ ગાંધીધામ (૧૦૦ બેડ), વાયેબલ હોસ્પિટલ ભૂજ (૧૦૦ બેડ), ભાવનગર-એચ.સી.જી હોસ્પિટલ (૧૦૦ બેડ) એમ કુલ ૪૦૬૪ની બેડ ક્ષમતા ધરાવતી હોસ્પિટલો કાર્યરત થઈ છે તેમ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું.

## ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના અધિકારી-કર્મચારીઓ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂપિયા ૧૦.૫૬ લાખની રકમ અર્પણ

ગાંધીનગર, તા. ૮
વર્તમાનમાં ગુજરાત સહિત સમગ્ર દેશ નોવેલ કરોના વાઈરસની મહામારી સામે સંપૂર્ણ દઢતાથી સામનો કરી રહ્યો છે. આ કોરોના સામેના જંગમાં રાજ્ય સરકારને આર્થિક સહયોગ કરવાના હેતુથી સમગ્ર રાજ્યમાંથી મોટા પ્રમાણમાં વિવિધ સંસ્થાઓ, કર્મચારી મંડળો, ઉદ્યોગપતિઓ તેમજ વ્યક્તિગત રીતે લોકો દાન આપી રહ્યા છે. આ સેવાકીય પ્રવૃત્તિમાં આર્થિક સહયોગ કરવાના ઉમદા હેતુથી ગુજરાતના ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના ૬૧૬ જેટલા અધિકારી-કર્મૅચારીઓ દ્વારા એક દિવસના પગાર રૂપે મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂપિયા ૧૦,૫૬,૮૦૬ ની રકમ અર્પણ કરવામાં આવી છે. કોરાના મહામારીમાં મદદરૂપ થવાના હેતુથી ગુજરાતના ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના હેઠળ આવતી રાજ્યભરની કચેરીઓના અધિકારી-કર્મૅચારીઓ દ્વારા એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવ્યો હતો તેમ, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના કમિશનરશ્રીની યાદીમાં જણાવાયું છે.

## શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે એક જ સમયે સ્વસ્થાને સુંદરકાંડનું આયોજન





ગાંધીનગર, તા. ૮
અત્યારની આ કપરી પરિસ્થિતિમાં કષ્ટભંજન હનુમાનજીની આરાધના શ્રીમાળી બ્રાહ્મણ સમાજે અનોખી રીતે કરી હતી. સમાજ ના આશરે ૧૦૦ પરિવારના ૩૦૦થી વધુ સભ્યોએ એક જ સમયે સામૂહિક રીતે પરંતુ સ્વસ્થાને રહીને સુંદરકાંડના પાઠ કર્યા હતા. જોકે આરંભમાં માત્ર ગાંધીનગરના જ પરિવાર હતા, પરંતુ શ્રદ્ધાના આ પાવન યજ્ઞમાં ત્યારબાદ સમગ્ર ગુજરાત અને દેશના પણ કેટલાક સ્થાન પરથી ભાવકોએ આહુતિ આપી હતી. વિશ્વશાંતિ અને આરોગ્ય સુખાકારી માટેના આ પ્રયત્નથી સમાજમાં હકારાત્મક ઊર્જાનો સંચાર પ્રસારવાનો પ્રયત્ન શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા કરવામાં આવ્યો હતો.

## ખેતીવાડી ખાતાના અધિકારી અસોસિએશન દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂપિયા ૧૪ લાખનો ચેક અર્પણ

ગાંધીનગર, તા. ૮
વર્તમાનમાં ગુજરાત સહિત સમગ્ર દેશ નોવેલ કરોના વાઈરસની મહામારી સામે સંપૂર્ણ દઢતાથી સામનો કરી રહ્યો છે. આ કોરોના સામેના જંગમાં રાજ્ય સરકારને આર્થિક સહયોગ કરવાના હેતુથી સમગ્ર રાજ્યમાંથી મોટા પ્રમાણમાં વિવિધ સંસ્થાઓ, કર્મચારી મંડળો, ઉદ્યોગપતિઓ તેમજ વ્યક્તિગત રીતે લોકો દાન આપી રહ્યા છે. આ સેવાકીય પ્રવૃત્તિમાં આર્થિક સહયોગ કરવાના ઉમદા હેતુથી ગુજરાતના ખેતીવાડી ખાતાના રાજ્ય પત્રિત અધિકારી અસોસિએશન દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.૧૪ લાખનો ચેક ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને અર્પણ કરવામાં આવ્યો છે.

કોરાના મહામારીમાં મદદરૂપ થવાના હેતુથી ગુજરાતના ખેતીવાડી ખાતાના નિયામકશ્રીના તાબા હેઠળ આવતી રાજ્યભરની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૧ અને વર્ગ-૨ના રાજ્ય પત્રિત અધિકારીઓના એસોસિએશન દ્વારા આ રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવી હતી તેમ, ખેતીવાડી ખાતાના રાજ્ય પત્રીત અધિકારી અસોસિએશન દ્વારા જણાવાયું હતું.

## જન્મદિને વધામણી



હિરલ હિરેન ભટ્ટ
મોતી આર્ટીસ્ટ
મો. ૯૮૭૯૭ ૦૩૦૭૦



ભવ્ય રિતેષ સુખડીયા



પર્વ કેયુર શાહ
ફોન - ૨૩૨૨૩૬૯૧



વનશ્રી નીલકંઠ વ્યાસ
મો. ૯૯૨૫૦ ૭૯૭૦૭

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરનો સેવાયજ્ઞ

આજે સમગ્ર વિશ્વ જયારે મહામારીના સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર તેના સંસ્થાપક પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી મનુષ્યો અને પ્રાણીઓની સહાય તથા સલામતી અર્થે સરકારના અને સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને અનેક રાહતકાર્યો કરી રહ્યા છે.



મહામારીના આ કઠિન સમયમાં લોકોની દિવસ અને રાત જોયા વિના ખડે પગે કાર્યરત ફ્રન્ટલાઈન સેવકો જેમ કે પોલીસ, ડૉક્ટર, નગરપાલિકાના કર્મચારીઓને શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા છાશ તેમ જ પૌષ્ટિક આહારના પેકેટ્સનું વિતરણ કરે છે.



મહામારીના આ કઠિન સમયમાં લોકોની દિવસ અને રાત જોયા વિના ખડે પગે કાર્યરત ફ્રન્ટલાઈન સેવકો જેમ કે પોલીસ, ડૉક્ટર, નગરપાલિકાના કર્મચારીઓને શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા છાશ તેમ જ પૌષ્ટિક આહારના પેકેટ્સનું વિતરણ કરે છે.



મહામારીના આ કઠિન સમયમાં દૈનિક કામદારો અને જરૂરિયાતમંદ પરિવારોને અનાજ, તેલ, મસાલા વગેરેની કિટ્સનું શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા વિતરણ કરવામાં આવે છે.



મહામારીના આ સંકટ સમયે દૈનિક કામદારો અને તેઓના પરિવારોને સહાય કરવા શ્રીમદ રાજચંદ્ર આશ્રમ,ધરમપુરમાં સંન્યાસીઓ અને સ્વયંસેવકો દ્વારા અનાજ, તેલ, મસાલા વગેરે એક મહિનાના રાશનની હજારો કીટ્સ તૈયાર કરી મોકલવામાં આવે છે.



મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં સન્યાસીઓ તથા સ્વયંસેવકો દ્વારા દૈનિક કામદારો અને જરૂરિયાતમંદ પરિવારો માટે અનાજ, તેલ, મસાલા વગેરેની કિટ્સ તૈયાર કરવામાં આવે છે.



મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા રસ્તે રખડતાં અબોલ પ્રાણીઓને ઘાસ, રોટલીઓ અને બિસ્કિટનું નીરણ કરવા નીકળતી વેનમાં એક પશુઓના ડૉક્ટર પણ હોય છે, જે તેમની તબીબી સારવાર કરે છે.



મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા રસ્તે રખડતાં અબોલ પ્રાણીઓને ઘાસનું નીરણ કરવામાં આવે છે.



મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં દરરોજ આરોગ્યપ્રદ વાતાવરણમાં ખીચડી, છાશ વગેરે બનાવી હજારો લોકોને વિતરણ કરવામાં આવે છે.



મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં સરકારી ડોક્ટરો તેમજ નર્સોને વેન્ટિલેટર કઈ રીતે વાપરવા તેની તાલીમ આપવામાં આવે છે.



મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં સરકારી ડોક્ટરો તેમજ નર્સોને વેન્ટિલેટર કઈ રીતે વાપરવા તેની તાલીમ આપવામાં આવે છે.



શહેરમાં લોકડાઉનના પગલે સેકટર-૨૫ના નિર્મોહી આશ્રમ દ્વારા ગરીબોને ભોજનનું વિતરણ કરાયું હતું.

## એક પ્રાર્થના

હે પ્રભૂ,
કોરોના વાયરસના સંક્રમણથી જનતાને બચાવવા સરકારે એકવીસ દિવસનું લોકડાઉન જાહેર કર્યું,
આ દરમિયાન સોસીયલ ડિસ્ટન્સ જાળવવાની,
અગત્યના કામ સિવાય ઘરની બહાર ન નીકળવાની સૂચનાઓનું લોકો સ્વયં જડબેસલાક શિસ્તપાલન કરતા જોવા મળ્યા...
કોમવાદ, જાતિવાદ,ધર્મવાદ અદ્રશ્ય થઈ ગયો છે,
રાજકારણીઓનાં કે મોટી હસ્તિઓનાં વિવાદાસ્પદ કે બિન વિવાદાસ્પદ નિવેદનો પણ બંધ થઈ ગયાં છે...
ચોરી લૂંટફાટ કે અપહરણ - અનેક પ્રકારની ગુન્હાખોરી બંધ થઈ ગઈ છે...
ત્યારે મને થાય છે કે પ્રભૂ મૃત્યુનો ભય તો દરેક જીવંત વ્યક્તિને માટે કાયમી જ છે તો આપણે લોક ડાઉન હટી ગયા પછી પણ કાયમી ધોરણે આવી જ સંયમિત રીતે જીવન જીવવાનો પદાર્થ પાઠ આમાંથી ના લઈ શકીએ અને આપણા દેશને સાચા અર્થમાં વિશ્વ ગુરુ ન બનાવી શકીએ ?

**- અનંત પટેલ**